
Targeted Lung Health Check Programme

NHS
Staffordshire and Stoke-on-Trent
Integrated Care Board

# ફેફસાંની સ્વસ્થતાની નિર્દેશિત ચકાસણીઓ

## તમારે શું જાણવું જરૂરી છે





# ફેફસાંની સ્વસ્થતાની ચકાસણી શું છે?

**ફેફસાંની સ્વસ્થતાની ચકાસણી તમારા ફેફસાં કેટલી સારી રીતે કામ કરી રહ્યાં છે તે ચકાસે છે. તે ફેફસાંના કૅન્સરને શક્ય તેટલું જલ્દી શોધવામાં પણ મદદ કરી શકે છે.**

## ફેફસાંની સ્વસ્થતાની ચકાસણીઓ શા માટે અગત્યની છે?

ફેફસાંનું કૅન્સર UKમાં અન્ય કોઈપણ કૅન્સર કરતાં વધુ મૃત્યુ નીપજાવે છે. શરુઆતના તબક્કે ઘણી વખત કોઈ ચિહ્નો અથવા લક્ષણો હોતાં નથી.

ફેફસાંની સ્વસ્થતાની ચકાસણીઓ ફેફસાંના કૅન્સરને વહેલું ઓળખી કાઢે છે, ક્યારેક તમને લક્ષણો દેખાતાં થાય તે પહેલાં. આનાથી ફેફસાંના કૅન્સરની સારવાર વધુ સફળ બની શકે છે - જે જીવન બચાવે છે.

જો ફેફસાંના કૅન્સરની જાણ મોડેથી થાય, તો તે શરીરના અન્ય ભાગોમાં ફેલાઇ શકે અને સારવાર કરવી વધુ મુશ્કેલ બને.

## ફેફસાંની સ્વસ્થતાની ચકાસણી કોણે કરાવવી જોઈએ?

જો તમે 55 અને 74 વચ્ચેની ઉંમરના હોવ, ક્યારેય ધૂમ્રપાન કર્યું હોય અને તમારા GP આ વાત રેકર્ડમાં ધરાવતા હોય, તો તમને ફેફસાંની સ્વસ્થતાની ચકાસણી માટે આમંત્રણ આપવામાં આવશે. તમને એક અપોઇન્ટમેન્ટ માટે આમંત્રણ આપવા તમારા GP અથવા સ્થાનિક NHS સેવા તરફથી તમને એક પત્ર મળશે અથવા ફોન કૉલ આવશે.

જો હજી તમારો સંપર્ક કરાયો નથી અને તમે ઉપરોક્ત માપદંડ પૂરાં કરતાં હોવ, તો કૃપા કરીને અહીં અમારો સંપર્ક કરશો: 01782 671554 અથવા 01782 671553.

અથવા અપોઇન્ટમેન્ટ માટેનું પત્રક અહીં ભરીને તમે સ્વયં-સંદર્ભ કરી શકો છો: **www.uhnm.nhs.uk/our-services/lung-health-checks/request-an-appointment-for-a-lung-health-check**



મોટાભાગના લોકોને તેમના ફેફસાં સ્વસ્થ હોવા વિશે જણાવાશે. જોકે, ફેફસાંની સ્વસ્થતાની ચકાસણીઓ સમસ્યાઓને વહેલી શોધી શકે છે, ઘણી વખત તમને કંઈક ગડબડ જણાય તે પહેલાં.

## ફેફસાંની સ્વસ્થતાની ચકાસણીમાં શું થાય છે?

તમારી પ્રથમ અપોઇન્ટમેન્ટ એ એક સ્વાસ્થ્ય વ્યવસાયિક સાથેનો ફોન કૉલ હશે. તમને ફેફસાંનું કૅન્સર થવાના જોખમ વિશે વધુ જાણવા માટે તેઓ તમારા સ્વાસ્થ્ય અને જીવનશૈલી વિશે તમને થોડાં પ્રશ્નો પૂછશે.

તમે તમારી અપોઇન્ટમેન્ટ રાત્રે મોડેથી અને વીકઍન્ડમાં પણ ગોઠવી શકો છો.

તમારા પ્રથમ અપોઇન્ટમેન્ટ કૉલ પછી, અમે તમારા GPને આમનામાંથી એક પરિણામ સાથે લખીશું:

- આગળ કોઈ પગલાં નહિ – તમને ફેફસાંના કૅન્સરનું ઊંચું જોખમ નથી અને ફેફસાંનું સ્કૅન કરાવવાની જરૂર નથી.
- આ બાબતને વધુ વિગતે ચર્ચવા માટે તમારા GPને સંદર્ભ કરવો – જો તમને શ્વસનમાં અથવા તમારા ફેફસાંઓ સંબંધે થોડી સમસ્યાઓ હોય પરંતુ સ્કૅનની જરૂર ન હોય.
- ફેફસાંનું સ્કૅન કરવાની રજૂઆત કરાવી – જો તમને ફેફસાંનું કૅન્સર થવાનું વધુ ઊંચું જોખમ હોય.

## ફેફસાંના સ્કૅન દરમ્યાન શું થાય છે?

ફેફસાંના સ્કૅનમાં એક્સ-રે અને કમ્પ્યુટરનો ઉપયોગ તમારા ફેફસાંની વિગતવાર છબીઓ તૈયાર કરવા માટે થાય છે. આને ક્યારેક કમ્પ્યુટર ટોમોગ્રાફી (CT) સ્કૅન કહેવાય છે. આ સ્કૅનમાં રેડિએશન (કિરણોત્સર્ગ)ની ખૂબ જ ઓછી માત્રાનો ઉપયોગ થાય છે. તે એક મોબાઇલ સ્કૅનિંગ યુનિટ અથવા હૉસ્પિટલમાં હાથ ધરાશે.



વિશેષરૂપથી તાલીમબદ્ધ કર્મચારી સ્કેન હાથ ધરે છે. તમને આવરીને બંધ નથી કરાતાં, અને તમે સ્કૅન દરમ્યાન કર્મચારીઓને જોઈ શકો છો અને વાત કરી શકો છો.

તમારા સ્કૅન માટે તમારે કોઈ તૈયારી કરવાની જરૂર નથી. તમે તે પહેલાં અને પછી સામાન્યપણે ખાઈ, પી, અને વાહન ચલાવી શકો છો.



તમારી અપોઇન્ટમેન્ટ 30 મિનિટ ચાલશે. સ્કૅનમાં ખરેખર ફક્ત થોડી જ મિનિટો લાગશે અને તેમાં કોઈ તકલીફ થતી નથી.

## મને મારા સ્કૅનના પરિણામો ક્યારે મળશે?

તમારું સ્કૅન કરાયાના ચાર અઠવાડિયાની અંદર તમને તમારા પરિણામો સાથેનો એક પત્ર મોકલવામાં આવશે. પત્ર તમને જણાવશે કે આગળ શું થશે.

જો સ્કૅન કંઈક ચિંતાજનક બાબત દર્શાવે, તો તમારો સંદર્ભ વધુ સ્કૅન અથવા સારવાર માટે કરવામાં આવી શકે.


## ફેફસાંના કૅન્સરના લક્ષણો ક્યા છે?

ફેફસાંના કૅન્સરના શરુઆતના તબક્કાઓમાં સામાન્યપણે કોઈ ચિહ્નો કે લક્ષણો નથી હોતા. ફેફસાંનું કૅન્સર બે સ્કૅન કરાયાની વચ્ચેના સમયમાં થઈ શકે છે. ક્યારેક સ્કૅન ફેફસાંના કૅન્સરને ઓળખવું ચૂકી જાય તેવું બની શકે છે.

કંઈપણ અસામાન્ય હોય અથવા મટતું ન હોય તેના પર ધ્યાન આપવું અગત્યનું છે.

ફેફસાંના કૅન્સરના પ્રમુખ લક્ષણોમાં આમનો સમાવેશ થાય છે:

- ત્રણ અઠવાડિયા પછી પણ મટી ન હોય તેવી ઉધરસ
- એવી ઉધરસ જે લાંબો સમયથી ચાલતી હોય અને બગડતી જાય
- ઉધરસમાં લોહી નીકળવું
- છાતીમાં ચેપ જે ફરી ફરીને થતો રહે
- શ્વાસ ચડવો
- થાકેલું લાગવું અથવા ઊર્જાનો અભાવ જણાવો
- જ્યારે તમે શ્વાસ લો કે ઉધરસ ખાઓ ત્યારે દુખાવો કે પીડા
- ભૂખ ન લાગવી અથવા વજન ઘટવું કે જેનું કારણ સમજાતું ન હોય.



**જો તમને આમાંના એક અથવા વધુ લક્ષણો ધ્યાનમાં આવે તો તમારાથી શક્ય તેટલું જલ્દી તમારા GPનો સંપર્ક કરશો. તમારા આગલાં સ્કૅન અથવા અપોઇન્ટમેન્ટ માટે રાહ જોશો નહિ.**

ફેફસાંના કૅન્સર, ફેફસાંની સ્વસ્થતાની ચકાસણીઓ અને ધૂમ્રપાન બંધ કરવા અંગે સલાહ વિશે વધુ જાણવા માટે અહીં મુલાકાત લો:
**www.uhnm.nhs.uk/our-services/lung-health-checks**

**ટેલિફોન:** 01782 671554 અથવા 01782 671553

**અહીંથી સ્વયં-સંદર્ભ કરો:** **www.uhnm.nhs.uk/our-services/lung-health-checks/request-an-appointment-for-a-lung-health-check**